સદ્‌ગુરુ શ્રી ભોજલરામ બાપાની ૨૨૯મી જન્મ જયંતિ નિમિત્તે શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ ગાંધીનગર તથા જીસીએમ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલના સહયોગથી મફત નિદાન કેમ્પનું આયોજન શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ (પટેલવાડી) સેક્ટર-૭ ખાતે કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ફીઝીશીયન, બાળકોના રોગો, હાડકાના રોગો, દાંતના રોગો વિશેની તપાસ અને જરૂરી દવાઓ મફત આપવામાં આવી હતી.
(તસવીર : કશ્યપ નિમાવત)

લગ્નસરાની પૂરબહાર ખીલેલી મોસમમાં વેપારીઓ ખુશ ખુશાલ

કાપડ, સોના-ચાંદી અને ફુલ બજારમાં ગ્રાહકોનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૧૪ ગ્રાહકો મોટા શહેરો અને નાના શહેરોમાં ખરીદી અર્થે

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

રાજ્યભરમાં લગ્ન પ્રસંગો અને શુભ પ્રસંગોના મુર્હૂત વૈશાખમાસના હોવાથી હાલ પૂરબહારમાં સિઝન નીકળી છે. જેથી તમામ વેપારીગણ ખુશખુશાલ બન્યા છે. અગાઉથી કરેલા માલસ્ટોકના વેચાણની ચિંતા કરતો વેપારીવર્ગ આગોતરા આયોજનથી સંતોષ વ્યક્ત કરી રહ્યો છે. તો બીજી તરફ પ્રસંગોચિત ખરીદી કરવા આવતા ગ્રાહકો પણ હાજર માલસ્ટોકથી હાશકારો અનુભવી હોંશે હોંશે ખરીદી કરી પ્રસંગની તૈયારીમાં વ્યસ્ત બન્યા છે.

રાજ્યના તમામ નાના મોટા શહેરોના બજારો હાલ ગ્રાહકોના ધમધમાટથી ભરપૂર બન્યા છે. કાપડ, સોના-ચાંદી, વાસણ, કરીયાણા, શાકભાજી અને ફુલ બજારમાં શુભ પ્રસંગોની ખરીદી થઈ રહી છે. હાલ લગ્નપ્રસંગો તથા અન્ય પ્રસંગો પણ વૈશાખ માસ હોવાથી વધારે પ્રમાણમાં આયોજીત થઈ રહ્યા છે. ઉમટી રહ્યા છે. જેથી વેપારીવર્ગ પણ એક ટંક જમવાનુ છોડી દઈને પણ સિઝનને મહત્વ આપી રહ્યા છે. ગત વર્ષે વરસાદ સારો થતા ખેત પેદાશોનું ઉત્પાદન સારી માત્રામાં થતા પ્રસંગને આયોજીત કરનાર ઉત્સાહિત થઈ પ્રસંગ ઉજવી રહ્યા છે. જેની સિધી અસર બજારોમાં જોવા મળી રહી છે.

શુભપ્રસંગો થકી દરજી, મોચી તથા અન્ય લગતા મજુરી કામના વ્યવસાયમાં પણ તેજી આવી છે. સાથોસાથ મહિલાઓનો બ્યુટીપાર્લર વ્યવસાય પણ ખીલી ઉઠ્યો છે. બજારમાં આવેલી તેજીથી તમામ વર્ગના લોકોમાં આનંદ જોવા મળી રહ્યો છે. જે છેલ્લા દિવાળી પછી ગ્રાહકોમાં ઓટ વર્તાઈ હતી. આમ હિંદુ અને અન્ય તમામ ધર્મના લોકો પ્રસંગોચિત ખર્ચથી તમામ વર્ગને રોજી રોટી સાથે જીવનનિર્વાહનું ભાથુ મળી રહે છે તે સુખદપળો મનાઈ રહી છે.

સોમનાથ ફરવા ગયો હોવાના પાલજના અપહૃત યુવાનના એફીડેવીટ પર સવાલ...!!

અલ્પેશને લઈને પોલીસે સોમનાથ જઈને ક્રોસ વેરીફીકેશન કર્યું : સોમનાથ ગયો હોવાના કોઈ પૂરાવા નથી : આરોપીઓના દબાણથી ખોટી એફીડેવીટ કરી હોવાની પોલીસને આશંકા : અલ્પેશ સામે પણ ગુનો દાખલ થાય તેવી શકયતા

ગાંધીનગર, તા. ૧૪

સે.૨૨ પંચદેવ મંદિર પાસે બોલાવીને રૂ.૨.૭૦ કરોડની લેતીદેતીમાં પાલજ ગામના યુવાનનું બે શખ્સોએ મળીને અપહરણ કરી લીધું હોવાની ફરિયાદ અપહૃતના પિતા એ આપી હતી. આ ઘટનામાં થોડા દિવસ બાદ એક નવો જ વળાંક આવ્યો હતો. અપહૃત અલ્પેશે કોર્ટમાં એફીડેવીટ કરી કે પોતે સોમનાથ ફરવા જતો રહ્યો હતો. સે.૨૧ પોલીસે અલ્પેશને સાથે રાખીને ક્રોસ વેરીફીકેશન કર્યુ, તે માટે એક ટીમ સોમનાથ ગઈ હતી. અલ્પેશે પોલીસને પોતે ક્યાં રોકાયો હતો તે જણાવ્યું હતું. તે -માણે ક્રોસ ચેક કરતા બહાર આવ્યું કે અલ્પેશ ખોટું બોલી રહ્યો છે. અલ્પેશે પોલીસને ગુમરાહ કરી ખોટું એફીડેવીટ કર્યું છે. તેની સામે ગુનો પણ દાખલ થાય તેવી સંભાવના છે. જો કે આરોપી -મુખ પટેલ અને દર્પણ ધોળકિયાના દબાણવશ થઈને ખોટું એફીડેવીટ કર્યુ હોવાની પણ સંભાવના છે. પોલીસે હવે તે દિશામાં તપાસ શરુ કરી છે.

પાલજ ગામના ૩૦ વર્ષીય યુવાન અલ્પેશ રણછોડભાઈ વાળંદે ફાયનાન્સનો ધંધો કરતા બે શખ્સોને રૂપિયા આપ્યા હતા. તે બંને શખ્સો સે.૭ માં પ્લોટ નં.૨૪૬/૧ ખાતે રહેતા -મુખ -હલાદ પટેલ અને સે.૨૯ પ્લોટ નં.૧૯૬ માં રહેતા દર્પણ ધીરજ ધોળકિયાએ મળીને રૂપિયાની લેતીદેતીમાં થયેલી તકરાર ના સમાધાન માટે અલ્પેશને સે.૨૨ પંચદેવ મંદિર પાસે બોલાવ્યો ને ત્યાંથી અલ્પેશનું અપહરણ કરીને બંને શખ્સો ક્યાંક ફરાર થઈ ગયા તેવી ફરિયાદ અલ્પેશના પિતા રણછોડભાઈ બુલાઠીદાસ વાણંદે સે.૨૧ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. થોડા દિવસો બાદ કોર્ટમાં એફીડેવીટ કરવામાં આવી કે તેમનાથી ઉતાવળે ફરિયાદ થઈ ગઈ છે. અલ્પેશે એફીડેવીટ કરી કે તે સોમનાથ ફરવા ગયો હતો અને બસ સ્ટેન્ડમાં જ રોકાયો હતો. તેનું અપહરણ થયું ન હતું. આ -કરણમાં સે.૨૧ પોલીસે અલ્પેશને સાથે રાખીને તેને બતાવેલા સ્થળે લઈ જઈ ક્રોસ વેરીફીકેશન કર્યું હતું. ત્યાં કોઈએ અલ્પેશને જોયો જ ન હતો. પોલીસને અલ્પેશે કરેલા એફીડેવીટ ઉપર સવાલો થયા છે. અલ્પેશ પોલીસને ગુમરાહ કરી રહ્યો છે અથવા આરોપીઓના દબાણથી તેને ખોટું એફીડેવીટ કરવું પડ્યું હોવાની પોલીસને શંકા છે. પોલીસે તે અંતર્ગત ઝીણવટભરી તપાસ શરુ કરી છે. અલ્પેશ સામે પણ આ -કરણમાં ગુનો દાખલ થાય તેવી સંભાવના છે.

-મુખ પટેલ સામે સાત લાખમાં મકાન નામે કરાવી દીધું હોવાની ફરિયાદ

પાલજના યુવાનના અપહરણ -કરણમાં આરોપી વ્યાજખોર -મુખ પટેલ સામે વધુ એક અરજી થવા પામી છે. ગાંધીનગર શહેરના સે.૩ ખાતે રહેતા એક યુવાને -મુખ પટેલ પાસેથી રૂ.૭ લાખ લીધા હતા. તેના બદલામાં -મુખ પટેલે આખું મકાન નામે કરાવી દીધું હોવાની અરજી ભોગ બનનાર યુવાનના પિતાએ સે.૨૧ પોલીસ મથકમાં આપી છે. પી.આઈ ડીડોરે અરજી લઈને તેના આધારે તપાસ શરુ કરી છે.

ગાંધીનગર જેસીઆઈ દ્વારા કેપીટીએલ ખાતે (કલ્પતરૂ પાવર, સે. ૨૮) એક રક્તદાન શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્ટાફના ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમગ્ર સેવાકીય પ્રવૃત્તિને સફળ બનાવવા જેસીઆઈનાં પદાધિકારીઓ પરાગી ગાંધી, સાત્વિક ત્રિવેદીએ ભારે જહેમત ઉઠાવી હતી. ગાંધીનગર સિવિલ દ્વારા આ રક્તદાન શીબીરને સહકાર પ્રાપ્ત થયો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

પ્રાંતિયા પાસે મધરાતે ટ્રક અને કાર સામસામે અથડાયા : મહિલાનું મૃત્યુ

હાઈવે પર ઓવરટેક કરતી વખતે બનેલો બનાવ : અન્ય ત્રણ ઘાયલો અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ : આરોપી ટ્રકચાલક ફરાર

ગાંધીનગર, તા. ૧૪

નરોડા-ચિલોડા હાઈવે પર ગઈ મોડી રાતે પોણા એક વાગ્યાના અરસામાં વાહનના ઓવરટેક કરતી વખતે ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ટ્રક અને ઝાયલો ગાડી ધડાકાભેર સામસામે અથડાતા ચાર જણા ગંભીર રીતે ઘવાયા હતા. જે પૈકી રાતે જ સારવાર દરમ્યાન એક મહિલાનું કમકમાટીભર્યું મૃત્યુ નીપજયું હતું. જયારે અન્ય ત્રણ ઘાયલોને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આરોપી ટ્રક ચાલક ટ્રક ઘટના સ્થળે જ મુકીને ફરાર થઈ ગયો હતો. ડભોડા પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરીને તેની શોધખોળ શરુ કરી છે.

અમદાવાદ જીલ્લાના સિંગરવા વિસ્તારમાં રહેતા કિશનલાલ રામચન્દ્ર જહાંગીર તેમની ૪૮ વર્ષીય પત્ની પપ્પુબેન અને અન્ય બે સંબંધી ભવરસિંહ તથા ખીવસિંહને ઝાયલો ગાડી નં. જી.જે ૧ એ.જી ૪૫૭૨ માં બેસાડી ચિલોડા-નરોડા હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. રાતે પોણા એક વાગ્યાના અરસામાં હાઈવે પર -તીયા ગામની સીમ પાસે પહોંચ્યા ત્યારે આગળ જતા એક વાહનની ઓવરટેક કરવા જતા સામેથી ધસમસતી આવતી એક ટ્રક સાથે તેમની ઝાયલો ગાડી ધડાકાભેર ટકરાઈ ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ઝયલો કારમાં સવાર ચારેય જણા ગંભીર રીતે ઘવાયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સને કોલ મળતા જ તાત્કાલિક આવી પહોંચી હતી અને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ચારેય ઈજાગ્રસ્તોને લઈ જવાયા હતા.

ત્યાંથી ચારેયને ખાનગી હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા. ઘાયલ મહિલા પપ્પુબેનનું સારવાર દરમ્યાન મૃત્યુ નીપજયું હતું. મૃતક મહિલાના પતિ કિશનલાલના મિત્ર -દીપસિંહ વિક્રમસિંહ જેતાવતની ફરિયાદને આધારે ડભોડા પોલીસે ટ્રક મુકીને ફરાર થઈ ગયેલા ચાલક સામે ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા આરોપી ડ્રાઈવરની શોધખોળ આરંભી છે.

રાજસ્થાનની કારમાં ફીટ કરાયેલી હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ કાઢી લેવાઈ

કેન્દ્રીય સલામતી એજન્સીના એક કર્મચારી રાજસ્થાન પાસીંગની કાર લઈ ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી પહોંચ્યા !

ગાંધીનગર, તા. ૧૪

રાજસ્થાન પાસીંગની કારમાં ગાંધીનગરની આર.ટી.ઓ. કચેરીમાં હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવાની હરકત સામે એ.આર.ટી.ઓ.એ. સ્ટાફનો ઉઘડો લીધો હતો. કેન્દ્રીય સલામતી એજન્સીના કર્મચારી રાજસ્થાન પાસીંગની હાઈ સિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરાવી રહ્યા હતા ત્યારે આ ગેરકાયદેસર હરકતને અટકાવી તેમને ગુજરાત ટ્રાન્સપોર્ટ વ્હીકલ એક્ટનો અહેસાસ કરાવ્યો હતો.

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં આજે કેન્દ્રીય સલામતી એજન્સીના એક કર્મચારી રાજસ્થાન આર.ટી.ઓ.માં રજીસ્ટ્રાર થયેલી નવી કાર લઈને હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરાવવા આવી પહોંચ્યા હતા. રાજસ્થાન પાસીંગની હાઈસિક્યુરીટી નંબર પ્લેટ તેઓ કારમાં ફીટ કરાવી રહ્યા હતા આ દરમિયાન એ.આર.ટી.ઓ. આર.પી. દાણીના ધ્યાનમાં આ મામલો આવ્યો હતો. આ દરમિયાન તેમણે કારની ચાવી કબજે કરી ગેરકાયદેસર રીતે ફીટ કરાયેલી નંબર પ્લેટ કઢાવી નંખાવી હતી.

કારના માલિકે તેની ઓળખાણ આપી અનેક રિક્વેસ્ટ કરી હતી. તેમ છતાં એઆરટીઓએ નમતુ જોખ્યુ ન હતું. અને તમે સલામતી ક્ષેત્રે સંકળાયેલા હોવા છતાં આ પ્રકારે ગેરકાયદે કામ કેવી રીતે કરાવી શકો ? તેમ કહી તેમને ગુજરાતમાં પ્રવર્તમાન ટ્રાન્સપોર્ટ વ્હીકલ એક્ટનો અહેસાસ કરાવ્યો હતો. એઆરટીઓ દ્વારા રાજસ્થાનની નંબર પ્લેટ કઢાવવામાં આવી ત્યારે આરટીઓમાં આવેલા અરજદારોના ટોળા કુતુહલવશ એકત્ર થયા હતા. તેમને પણ ખ્યાલ આવી ગયો કે ગાંધીનગર આરટીઓમાં એજન્ટોની મનમાની અને કેટલાક કર્મચારીઓ દ્વારા આચરવામાં આવતો ભ્રષ્ટાચાર વધારે લાંબો સમય ચાલી શકે તેમ નથી. દેશની સલામતીને લક્ષમાં લઈ વાહનો માટે હાઈ સિક્યુરિટી નંબર પ્લેટનો અમલ કરવામાં આવ્યો છે. નિયમ પ્રમાણે આરટીઓમાં તૈયાર કરાતી ખાસ પ્રકારની નંબર પ્લેટ આરટીઓ કચેરી દ્વારા જ વાહનમાં ફીટ કરાવવી પડે છે. આ નંબર પ્લેટ કોઈ વાહન ચાલક લઈ જઈ શકતો નથી. જેથી કોઈ પણ રાજ્ય કે જિલ્લાની નંબર પ્લેટ બીજી આરટીઓ કચેરી દ્વારા ફીટ કરી શકાય નહી. તેમ એઆરટીઓએ જણાવ્યું હતુ. આ પ્રકારની ગેરકાયદે કામગીરી કરનારા એચએસઆરપી ડિપાર્ટમેન્ટમાંથી ખસેડી અન્ય કામ સોંપવા આદેશ કર્યો હતો. ડિપાર્ટમેન્ટ હેડને પણ તેમણેઆ પ્રકારની કામગીરી ચલાવી નહીં લસેવા કડક સૂચના આપી હતી.

રાત્રે ધાબા પરથી ગેલેરીમાં પટકાતા એરફોર્સના હવાલદારનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા ખાતે સ્થિત એરફોર્સ કેમ્પમાં મેક્સ બિલ્ડીગમાં રહેતા ૩૧ વર્ષીય હવાલદાર કે.કે.બીજુકુમાર ગઈ રાતે ધાબાની પાળી પર સુઈ ગયા હતા. ધાબેથી રાત્રી દરમિયાન ગેલેરીમાં પડી જતા હવાલદારનું કરુણ મૃત્યુ નીપજયું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોત નો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૬
સૂર્યાસ્ત : ૭.૦૪

તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૦ ટકા ● સાંજે ૩૫ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
મીલીઓન ડૉલર આર્મ : ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
સ્પાઈડરમેન-૨ (ડી-અંગ્રેજી) : ૪.૪૫
: સ્ક્રીન-૨ :
મસ્તરમ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૪.૩૦
યે હૈ બકરાપુર : ૪.૩૦
૨ સ્ટેટસ્ વન લવ : ૭.૧૫
કોયેલાનચલ: ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૧૦.૧૫
કોયેલાનચલ: ૪.૪૫, ૭.૩૦
: સ્ક્રીન-૪ :
હવાહવાઈ : ૨.૩૦
કોયેલાનચલ : ૫.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૭.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મીલીઓન ડૉલર આર્મ(અંગ્રેજી) :
૯.૩૦,૨.૧૦,૨.૫૦,૫.૩૦,૭.૪૫, ૧૦.૨૫
: સ્ક્રીન-૨ :
સ્પાઈડરમેન-૨ ડી (હિન્દી) : ૯.૪૫,૧૨.૪૫,૪.૦૦,૧૦.૧૫
૨ સ્ટેટસ : ૭.૦૦
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ: ૯.૧૫, ૧૧.૫૦,૨.૨૫, ૫.૦૦, ૭.૩૫, ૧૦.૧૦
: સ્ક્રીન-૪ :
મસ્તરામ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૮.૩૦, ૧૦.૪૫
૨ સ્ટેટસ્ : ૫.૧૫

સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કોયલાનચલ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૦૦
હવાહવાઈ : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
સ્પાઈડર મેન-૨ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
કોયલાનચલ : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
હવાહવાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
મસ્તરામ : ૧૨.૩૦, ૮.૦૦

આપની આજ

મેષ : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

વૃષભ : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

કર્ક : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

વૃશ્ચિક : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.